# અરવલ્લી જિલ્લાની ૬૬ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારોનો સરપંચ અને સભ્ય બનવા રાફડો

અરવલ્લી, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાં સ્વરાજ્યની ચૂંટણી ૪ ફેબ્રુઆરીએ ૬૬ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાનાર છે. ત્યારે ઉમેદવારી પત્ર ભરાવાને ૨૪ કલાકનો સમય બાકી છે અને સરપંચ અને સભ્યપદ મેળવવા ભરવા માટે શુક્રવારે સવારથી જ ઉમેદવારીપત્ર ભરવા ઉમેદવારો તેમના ટેકેદારો સાથે મોટી સંખ્યામાં તમામ તાલુકા મથકે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ગ્રામ પંચાયતની ચૂંટણી નજીક હોવાથી અને ફોર્મ ભરવાને ૨૪ કલાકનો સમય બાકી છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં



માટે ઉમેદવારોનો ભારે ધસારો જોવા મળ્યો હતો અને રિર્ટનિંગ ઓફિસરોના ટેબલો પર લાંબી લાઈનો લાગી હતી મોડાસા તાલુકા પંચાયત કચેરીએ ઉમેદવારો અને તેમના ટેકેદારોનો મેળાવડો જામ્યો હતો આવતીકાલે છેલ્લા દિવસે ૬૬ ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યપદ માટે ૬૧૬ બેઠકો માટે મુરતિયાઓ ફોર્મ ભર્યા પછી ખાટલા બેઠકો અને સમજાવટપૂર્વક અને શામ દામ અને દંડની નીતિ અવનવી ઉમેદવારોના ફોર્મ પાછા ખેંચવા મથામણમાં લાગી જશે.

અરવલ્લી જિલ્લાની ૬૬ ગ્રામ પંચાયતમાં ગામધણી બનવા અને ૬૧૬ વોર્ડ સભ્યપદના ફોર્મ ભારે ગરમાવો આવી ગયો છે અને સરપંચ પદના ઉમેદવારો ફોર્મ ભરવાની સાથે અને પહેલાથી ચા નાસ્તાની લ્હાણી કરી મતદારોને રીઝવવા માટે લાગી ગયા છે. ૬૬ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૩૫ બેઠકો મહિલા સરપંચ પદ અને ૩૦૮ બેઠક વોર્ડ સભ્યપદ માટે મહિલાઓ માટે અનામત હોવાથી મહિલાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોડાસા તાલુકાની દધાલિયા ગ્રામ પંચાયતમાં સરપંચ પદ માટે અનુસૂચિત જાતિ બેઠક અનામત હોવાથી શુક્રવારે મોડાસા નગરપાલિકાના પ્રમુખ વનીતાબેનની ઉપસ્થિતિમાં રમેશભાઈ પરમારે ફોર્મ ભરાતા ગામના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

# થરાદમાંથી ગર્વમેન્ટ ઓફ ગુજરાત લખેલી જીપમાંથી ૧૪૪૦ બોટલ દારૂ ઝડપાયો

## રાત્રે રાજસ્થાનના ટ્રેક્ટરમાંથી ૬૧૨૦ બોટલ સાથે એક ઝડપાયો

થરાદ, તા. ૧૯

થરાદના ઈન્ચાર્જ પીઆઈ ડીએન શર્મા અને પોલીસની ટીમને ખાનગી બાતમી મળતા તેમણે ગુરુવારની સાંજના સુમારે તાલુકાના હતો. તેમજ પરેશકુમાર માંનાભાઈ બારોટ રહે. લવાણા તા. લાખણીની અટકાયત કરી જેલહવાલે કર્યો હતો.

જ્યારે તાલુકાના ડોડગામનો ખેમાભાઈ ધનાભાઈ નામનો શખ્સ ધોરીમના જી બાડમેર નામનો યુવક નર્મદા નહેર રોડ પર આવી રહ્યો હતો. જેને પોલીસે ૬૧૨૦ બોટલ કિંમત રૂપીયા ૬૮૪૦૦૦ તથા ૨ લાખનું ટ્રેકટર અને ૫૦૦૦૦ની



ચાંગડા ગામની સીમમાં નાકાબંધી કરી હતી.દરમ્યાન સાંજના સાડાચાર વાગ્યાના સુમારે જીજે.૦૮એઈ-૪૩૬૨ નંબરની ગવર્મેંટ ઓફ ગુજરાત લખેલી બોલેરો જીપમાંથી ૧૪૪૦ બોટલ કિંમત રૂપીયા ૧૪૪૦૦૦નો વિદેશી દારૂ તથા ત્રણ લાખની જીપ મળીને ૪૪૦૦૦૦નો મુદ્દામાલ કબજે લીધો વિદેશી દારૂ વેચતો હોવાની ખાનગી બાતમી મળતાં તેને ૩૨૦૦ રૂપીયાની ૩૨ બોટલ સાથે ઝડપી લઈ જેલ હવાલે કર્યો હતો. તદુપરાંત ગુરુવારની રાતના સુમારે આરજે.૦૧આરએ.૩૩૭૨ નંબરના ટ્રોલી સાથેના ટ્રેકટરમાં ઘાસચારો ભરીને બજરંગલાલ ભગતરામજી વિશ્નોઈ રહે. ટ્રોલી મળીને કુલ રૂપીયા ૯૩૪૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈને જેલના સળીયા પાછળ ધકેલી દઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ જથ્થો હાઈવે સુધી ટ્રકમાં લાવીને ત્યાર બાદ ઘાસચારાની આડાશમાં કઈ બાજુ લઈ જવાતો હતો પોલીસે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી હતી.

# અમદાવાદ-વડોદરા માર્ગ પરના છાણી રેલવે ઓવરબ્રીજના ટોલમાંથી મુક્તિ

ગાંધીનગર, તા. ૧૯

નાયબ મુખ્યમંત્રી અને માર્ગ-મકાનમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, અમદાવાદ-વડોદરા માર્ગ પરના વડોદરા શહેર નજીકના છાણી ગામ પાસેના રેલવે ઓવરબ્રીજ પરથી પસાર થતાં તમામ વાહન ચાલકોને ઓવરબ્રીજના ઉપયોગ માટેની ફી માંથી મુક્તિ આપવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે, અમદાવાદ-વડોદરા માર્ગ પરના છાણી ખાતેના રેલવે અન્ડર પાસ ૬ ની ટ્રાફીકની સમસ્યાના નિરાકરણ સ્વરૂપે ચાર માર્ગીય રેલવે લાઈન પરનો પુલ વર્ષ ૨૦૦૩થી કાર્યરત છે. આ કામગીરી બિલ્ડ ઓપરેટ ટ્રાન્સફર (બીઓટી)ના ધોરણે કાર્યરત હતો. તેમા પણ રાજ્ય સરકારે દ્વિ-ચક્રિય, ત્રી-ચક્રિય તથા ખેડૂતોના ટ્રેક્ટરોને ફી ભરવામાંથી મુક્તિ આપી હતી. આ બી.ઓ.ટી. કરારનો સમયગાળો પૂર્ણ થતાં તમામ વાહન ચાલકોને ઓવરબ્રીજની સુવિધાના ઉપયોગ માટે ટોલમાંથી મુક્તિ આપવામાં આવી છે. કરારના સમયગાળા દરમ્યાન નાગરિકોએ શાંતિપૂર્ણ રીતે ફી ભરી છે તે બદલ રાજ્ય સરકારે નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો છે.

## મોડાસા બીએડ કોલેજ સેમ-૪ના તાલીમાર્થી દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ

અરવલ્લી જિલ્લાની મોડાસા બીએડ કોલેજ સેમિસ્ટર-૪ તાલીમાર્થીઓ દ્વારા ઈન્ટર્નશીપ કાર્યક્રમ હેઠળ શ્રી રામ કૃષ્ણ ઉ.મા. વિદ્યાલય ભાટકોટ ગામે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યસનમુક્તિ અંગેના ગામ લોકોને વિડિઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વ્યસનથી થતા રોગોની ઉંડાણપૂર્વક સમજ આપવાની સાથે બેટી બચાવો અને બેટી પઢાવોનું નાટક રજુ કરી ગામ લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

## ખેડબ્રહ્મા કોલેજમાં સપ્તધારા કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૧૯

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ ખેડબ્રહ્મા ખાતે સ્વર્ણિમ ગુજરાત વૈશ્વિક ગુજરાત ઉત્કૃષ્ટતા અભિયાન સપ્તધારા અંતર્ગત શૈ. વર્ષ ૨૦૧૭-૧૮ના બીજા સત્રની સ્પર્ધાતા. ૧૯-૧-૨૦૧૮ના શુક્રવારના રોજ યોજાઈ ગઈ. જેમાં જુદી જુદી ધારાઓ જેવી કે નાટ્યધારા, કલા કૌશલ્યધારા, સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા, ખેલકુદધારા, દ્વારા જુદી જુદી ધારાઓની સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં પ્રથમ, બીજા અને ત્રીજા નંબર લાવનારને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના આચાર્ય એન.ડી. પટેલ તથા સપ્તધારાના કો. ઓર્ડિનેટર ડૉ. વી.સી. નિનામા તેમજ વિવિધ ધારાઓના કન્વીનરો દ્વારા કરવામાં આવ્યુ. જેમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## ખેડબ્રહ્મા કોલેજનો શુભેચ્છા-ફાળો

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા ખાતે આવેલી ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, શૈક્ષણિક પ્રવૃત્તિની સાથોસાથ સમાજસેવાની પ્રવૃત્તિ પણ નિરંતર કરતી રહે છે. તે ઉપક્રમે તાજેતરમાં ખેડબ્રહ્માના પંચોતેર વર્ષ જૂના શ્રી એચ.એલ. મહેતા અને બાઈ આનંદી ફી વાંચનાલયના પુનરૂદ્ધાર તેમજ હિરક (અમૃત) મહોત્સવની ઉજવણી નિમિત્તે ખેડબ્રહ્મા કોલેજના શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ તરફથી રોકડમાં રૂ. ૧૮,૩૦૦નો તથા કોલેજના બી.એ.સેમ.૬ના એક વિદ્યાર્થી ચિંતન રાઠોડને ઘેર અકસ્માતે રાંધણગેસનો બાટલો ફાટતાં તમામ ઘરવખરી આગમાં બળીને ખાખ થઈ જતાં તેને તાત્કાલિક સહાય લેખે રૂ. ૮,૫૫૦નો શુભેચ્છા-ફાળો આપવામાં આવ્યો હતો.



## થરાદ નર્મદા વિભાગમાં ખેડૂતોનો હોબાળો

સુઈગામના વેજપુર બ્રાન્ચમાંથી નીકળતી મોરવાડા ડિસ્ટી કેનાલમાં પાણી ન મળતું હોવાથી આ કેનાલમાં ઓપરેટરની મનમાનીતીના કારણે છેલ્લે પાણી મળતું ન હોવાથી ઓપરેટર માળી નારસીભાઈ તેમની મનમાનીતિ ચલાવીને પાણી આપવામાં ઠાગાઠઈયા કરતા હોવાથી દુધવા-૨ અને લીંબૂણી માઈનોર કેનાલમાં પાણી ન મળતું હોવાથી નારસીભાઈની જગ્યાએ કોઈ યોગ્ય માણસને ગોઠવવા માટે થરાદ નર્મદા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને આવેદનપત્ર આપ્યું હતું અને જો દસ દિવસમાં આ ઓપરેટરને બદલવામાં નહીં આવે તો નવાપુરા, દુધવા, રાજપુર, મધપુરા, બોરૂ વગેરે ગામના ખેડૂતોએ ગાંધી ચીંધ્યા માર્ગે જવાની અને ભૂખ હડતાલ ઉપર ઉતરવાની ચીમકી પણ આપી હતી સાથે સાથે ઓપરેટર પાણી ચલાવવાના પૈસા માંગતો હોવાના આક્ષેપો પણ કર્યા હતા. સુઈગમના વેજપુર બ્રાન્ચમાંથી નીકળતી મોરવાડા ડિસ્ટી કેનાલના ઓપરેટરને બદલવા નાયબ કાર્યપાલક ઈજનેરને ખેડૂતોએ આવેદનપત્ર પાઠવ્યું.

# ભિલોડા તાલુકાના ખેરાડી ગામમાં કુવો પુરી દેવાની કાર્યવાહીથી ભારે આક્રોશ

ભિલોડા,તા.૧૯

ભિલોડા તાલુકાના ખેરાડી ગામમાં કુવો પુરી દેવાની કાર્યવાહીથી રોષે ભરાયેલા જાગૃત ગ્રામજનોએ ગ્રામ પંચાયતમાં તાળાબંધી કરવાની ચીમકી ઉચ્ચારી છે ત્યારે ખડભડાટ મચી જવા પામ્યો હતો.

ખેરાડી ગ્રામ પંચાયતના સત્તાધિશો ધ્વારા વિવાદીત જગ્યામાં આવેલ વર્ષો જુનો કુવો માટીના પુરણથી પુરી દેવાતાં જાગૃત ગ્રામજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો હતો.ખેરાડી ગામના જાગૃત ગ્રામજનો ધ્વારા જીલ્લા કલેકટરને પુનઃ આવેદનપત્ર આપી કુવો પુરી દેનાર જવાબદાર ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહીની માંગ ઉઠાવી હતી. ખેરાડી ગામના જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતના એક હોદ્દેદાર તેમના પતિ ધ્વારા વિવાદિત જગ્યાનો કુવો માટીથી પુરી દેવાની કામગીરી દરમ્યાન ગ્રામજનોએ ગેરકાદેસર કામગીરી અટકાવવા માંગ કરી હતી પરંતુ વહીવટી તંત્રના આળસુ અધિકારીઓ ધ્વારા કાર્યવાહીમાં વિલંબ કરાતાં વિવાદિત જગ્યામાં આવેલ કુવો એકા-એક પુરી દેવાયો હતો.

જીલ્લા કલેકટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં ખેરાડીના ગ્રામજનોએ જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતના હોદ્દેદાર અને તેમના પતિ ધ્વારા કુવો પુરી દેવાતાં વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓને લેખિત,મૌખિક રજુઆતો કરવા છતાં યોગ્ય કાર્યવાહી હાથ ન ધરાતાં ગ્રામજનોએ વધુમાં જાણાવ્યું હતું કે ટુંક સમયમાં ઉકેલ નહી આવે તો ખેરાડી ગ્રામ પંચાયતમાં તાળાબંધી ગ્રામજનો ધ્વારા કરવામાં આવશે તેમજ ગાંધીચિધ્યા માર્ગે લડત આપવાનું રણશીંગુ ફુંકવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

ખેરાડી ગામની ગામતળની વિવાદિત જગ્યા હડપ કરવા ડે.સરપંચના પતિએ કુવો પુરાવી દીધો છે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે સાત દિવસમાં વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા યોગ્ય નિરાકરણ લાવવામાં નહી આવે તો ગ્રામ પંચાયતને તાળાબંધી કરવાની ચિમકી ઉચ્ચારી હતી. જાગૃત ગ્રામજનોએ જીલ્લા વિકાસ અધિકારી,તાલુકા વિકાસ અધિકારી સહિત સલંગ્ન વિભાગના અધિકારીઓને વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરવા છતાં યોગ્ય પરીણામ મળતુ નથી ત્યારે ભુખ હડતાલ ઉપર બેસવાની પણ ચિમકી ઉચ્ચારી હતી.

## અરવલ્લી જીલ્લા પોલીસ સલાહકાર સમિતિ બિનસરકારી સભ્ય તરીકે નિમણુંક

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લા પોલીસ સલાહકાર સમિતિ બિનસરકારી



સભ્ય તરીકે નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે.શામળાજી ત્રિલોકીનાથ વિષ્ણું મંદીર ટ્રસ્ટ ચેરમેન ગુણવંતભાઈ ભગવાનદાસ ત્રિવેદીની અરવલ્લી જીલ્લા પોલીસ સલાહકાર સમિતિ બિનસરકારી સભ્ય તરીકે નિમણુંક કરાતાં શુભેચ્છકોએ શુભકામનાઓ પાઠવી બિરદાવ્યા હતા.

# હિંમતનગરમાં મહિલાને ત્રાસ આપી દહેજ માંગતા આપઘાત

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગરના આંબાવાડી વિસ્તારમાં રહેતી અને ત્રણ વર્ષ અગાઉ લગ્ન કરેલ એક મહિલાને અવારનવાર સાસરી પક્ષના બે સભ્યો દ્વારા શારીરિક અને માનસીક ત્રાસ આપી દહેજ માંગવામાં આવતા આ મહિલાએ કંટાળીને બુધવારે આપઘાત કરીને જીવન ટુંકાવી દીધુ હતુ. જે અંગે બે જણા વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે આંબાવાડીમાં રહેતા વર્ષાબેન સુરેશભાઈ માલવી (કંસારા)એ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેમની દિકરી રિદ્ધિબેનના લગ્ન ત્રણ વર્ષ અગાઉ મહેસાણા જિલ્લાના કડી ખાતે કરાયા હતા. પરંતુ છેલ્લા ગણા સમયથી સાસરી પક્ષના જીતેન્દ્ર ચંદ્રકાંત પંચાલ અને ભગવતીબેન ચંદ્રકાંત પંચાલ દ્વારા રિદ્ધીબેનને વારંવાર તને જમવાનું બનાવતા આવડતુ નથી તેમ કહી પરેશાન કરવામાં આવતા હતા. તથા છેલ્લા બે વર્ષથી મારઝુડ કરી ત્રાસ આપવામાં આવતો હતો. અને જીયારામાં રિદ્ધી પાસે બંને જણાએ રૂ. ૧૦ લાખની મોંઘી ગાડી માંગીને દહેજ માગ્યુ હતુ. બીજી તરફ વારંવાર આપવામાં આવતો ત્રાસ સહન ન થતા રિદ્ધીબેને બુધવારે હિંમતનગર ખાતે આવેલા પિયરમાં જાતે જ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જેથી રિદ્ધીબેનના માતા વર્ષાબેન માલવીએ કડીના જીતેન્દ્ર પંચાલ અને ભગવતીબેન પંચાલ વિરૂદ્ધ બુધવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## ઈઢાટામાં તંબાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

થરાદ, તા. ૧૯

થરાદ તાલુકાના ભાચર પીએચસી દ્વારા ઈઢાટાની માધ્યમિક શાળામાં તંબાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૧૦ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંના પ્રથમ ત્રણને મુખ્ય અને બાકીના સાતને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યાં હતાં. શાળાના તમામ બાળકોને બિસ્કીટનો નાસ્તો પણ અપાયો હતો.

## હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દાવાનળ ફાટી નીકળ્યો છે... માનવતા બચાવવી છે..! અને એ પણ પ્રહલાદની જેમ..!!''

''એટલે..?! એટલે એમ સત્યના પ્રયોગો વાંચે નહીં ચાલે આચરણ સુધી જવુ પડશે... ગાંધીને આંટી પહેરાવવાથી નહીં ચાલે... ગાંધીના જીવનનું એકાદ સુત્ર સાર્થક કરવું પડશે..! પ્રહલાદ-હરિશ્ચંદ્રની કથાઓ સાંભળે નહિ ચાલે... લડવું પડશે દંભ દેખાડા સામે..!''

''અને હા..! સરસ્વતી નદીની જેમ ગુપ્ત સેવા-પ્રવાહ વહેવડાવતા સૌને સલામ પણ કરવી પડશે..!!''

- નિમિત્ત માત્ર

## પત્રો ભરાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ગ્રામ પંચાયતોમાં માણસાની ૭, દહેગામની બે અને કલોલની એક ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે.

દરમ્યાન પંચાયતની આ ચૂંટણીમાં પણ ઉમેદવારોના ખર્ચ નિયંત્રણ માટેની મર્યાદાનું પાલન કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. ૧૨ વોર્ડ ધરાવતી પંચાયતોમાં સરપંચ દ્વારા રૂ. ૧૦ હજારની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે જ્યારે ૧૩ થી ૨૦ વોર્ડ ધરાવતી પંચાયતમાં સરપંચ પદ માટે રૂ. ૨૦ હજારનો ખર્ચ નિયત કરવામાં આવ્યો છે.

## લાલ આંખ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાબતોને તંત્ર દ્વારા ચકાસણી કરી અને આ નોટીસો આપવામાં આવી છે. જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ શરુ કરોલ આ ઝુંબેશમાં હોટલ માલિકોને મંગળવારે પ્રાંત અધિકારીની કોર્ટમાં હાજર થઈ પુરાવા રજુ કરવાની તક આપવામાં આવી છે.

જો મંગળવાર સુધીમાં હાજર નહિ થાય તો સિલીંગ, ગેરકાયદે બાંધકામ હશે તો તોડી પાડવા તેમજ કાનૂની રાહે કાર્યવાહી કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર અને તાલુકામાં ૧૫૦થી વધુ હોટલો ચાલી રહી છે. કોબા, અડાલજ, કુડાસણ વિસ્તારની ગેરકાયદે હોટલોના માલિકોને નોટીસો આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બિનસત્તાવાર સૂત્રોના જણાવ્યાનુસાર હોટલ, ધાબા જેવી હોટલોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તંત્ર આ ઝુંબેશ હજુ આગામી બે દિવસ સુધી ચાલુ રાખશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## સુંદરતા સામે ખતરો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાધનો તુટેલી હાલતમાં છે. બગીચાઓમાંથી હરિયાળી અદ્રશ્ય થયા બાદ ઉદ્યાનો અસામાજિક પ્રવૃતિનો અડ્ડો બનતા હોવાની ફરિયાદો પણ અનેકવાર ઉઠવા પામી છે. જયારે સેકટરોમાં માત્ર આંગળીના વેઢે ગણી શકાય તેટલા ઉદ્યાનો જ જીવંત હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે આ બગીચાઓની હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. સે-૧ ના બગીચો પણ આ મામલે ગુંગળામણ અનુભવી રહયો છે. સેકટર-૧ માં તળાવ સામે સ્થિત ઉદ્યાનને લગ્નપ્રસંગ માટે કોર્પોરેશન દ્વારા ભાડા પેટે આપવામાં આવે છે. જયારે એક દિવસ પેટે મ્યુનિતંત્ર દ્વારા રૂ ૫ હજાર રૂપિયા ભાડુ વસુલવામાં આવે છે. આ બગીચાને લગ્નપ્રસંગ માટે ભાડે આપવામાં આવતા બગીચાની હરિયાળી અને સુંદરતા સામે જોખમ ઉભુ થયુ હોવાનો આક્રોશ પણ સેકટરના પ્રકૃતિ પ્રેમીઓમાં પ્રબળ બન્યો છે. જેને અનુલક્ષી સેકટરના જાગૃત નાગરિકો દ્વારા આ મામલે કાર્પોરેશનને રજુઆત કરવામાં આવી હતી. જેને અનુલક્ષી મ્યુનિ કમિશ્નરે આજે સ્થળ મુલાકાત લઈ બગીચાની સ્થળ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ . સેકટરોમાં સ્થિત બગીચાની હરિયાળી અને સુંદરતા બરકરાર રાખવા માટે તંત્ર દ્વારા યોગ્ય જાળવણી કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## વિશાળ રેલી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મ વિકાસ આયોગ આંદોલન સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિના રાજયકક્ષાના મહામંત્રી યજ્ઞેશ દવેએ સરકાર સમક્ષ આવેદનપત્ર આપી આયોગની રચના માટે રજુઆત કરી હોવા છતા સમાજની આ માંગણીને સ્વીકારવામાં આવી નથી. જયારે ચુંટણીની જાહેરાત થતા આંદોલન અટકી ગયુ હતુ. પરંતુ હવે આ આંદોલન વધુ ઉગ્ર બનશે. બ્રહ્મ વિકાસ આયોગ સમિતિ દ્વારા આગામી તા ૨૬ જાન્યુઆરીના રોજ સમસ્ત ગુજરાતમાંથી બ્રાહ્મણો હજારોની સંખ્યામાં ગાંધી આશ્રમ અમદાવાદથી બપોરે ૨ કલાકે રેલી યોજશે. કાર અને બાઈક સહીતના વાહનો લઈને નિકળનારી આ રેલીમાં સમાજના ૧ લાખ જેટલા સભ્યો જોડાય તેવી સંભાવન પણ તેમણે વ્યકત કરી છે. આ રેલી ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે પહોંચશે. જેના અંતે સરકાર સમક્ષ આવેદન પત્ર આપી બ્રહ્મ વિકાસ આયોગની રચના અંગે રજુઆત કરવામાં આવશે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે આંધ્રપ્રદેશમાં બ્રાહ્મણ ડેવલોપમેન્ટ વેલ્ફેરની સ્થાપના કરવામાં આવી છે. જયારે બ્રાહ્મણના ઉત્કર્ષ માટે રૂ ૧૦૦ કરોડની ગ્રાન્ટ પણ ફાળવવામાં આવી છે. ત્યારે ગુજરાત સરકારે પણ બ્રાહ્મણોને ધ્યાને લઈ આયોગની રચના કરવા હકારાત્મક નિર્ણય લેવો જોઈએ. આ રેલીને સફળ બનાવવા માટે ગુજરાત ઝોનના ઈન્ચાર્જ પિયુષ વ્યાસ, પુર્વ મહામંત્રી કનૈયાલાલ પંડયા, સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ સમાજના ટ્રસ્ટી છેલભાઈ જોષી નિરવ દવે તેમજ દિવ્ય ત્રિવેદી અને સંજય ત્રિવેદી સહીતના યુવા કાર્યકરો પણ જહેમત ઉઠાવી રહયા છે.

## આનંદીબેન પટેલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિર્ણયો પણ કર્યા હતા. મહિલા અને બાળ વિકાસ વિભાગ સંભાળી તેમણે રાજ્યને પ્રથમવાર 'નારી નીતિ'ની ભેટ આપી હતી. મુખ્યમંત્રી તરીકે પણ તેમને નોંધનીય પ્રદાન કર્યુ હતુ. વહીવટીય કાર્યપદ્ધતિમાં બદલાવ લાવતા તેમના ઐતિહાસિક નિર્ણયો પણ કર્યા હતા. પ્રાથમિક શિક્ષણમાં ડ્રોપ આઉટ રેસિયો ઘડવામાં તેમનું યોગદાન પણ ગુજરાત માટે ઐતિહાસિક રહ્યું છે. આનંદીબેન પટેલ એક અચ્છા સંગઠક તરીકે પણ જાણીતા છે. તેમણે ભાજપ મહિલા મોરચા ઉપરાંત ભાજપ સંગઠનમાં પણ નોંધનીય સેવાઓ આપેલ છે. ગુજરાતના સક્રિય રાજકારણમાં તેમનું યોગદાન ઘણુ મહત્વનું રહ્યું છે. તેમણે એક પુસ્તક 'મને એ હંમેશા યાદ રહેશે' પણ લખ્યુ છે. તેઓ ૨૩ જાન્યુઆરી પછી તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે તેમ મનાઈ રહ્યુ છે.

## ૨૦ ધારાસભ્યોને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોઈપણ ધારાસભ્યની જુબાની લેવામાં આવી નથી. આજે ચૂંટણી પંચની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી જેમાં આ સંદર્ભમાં રાષ્ટ્રપતિને અહેવાલ મોકલવાનો નિર્ણય કરાયો હતો. આ મામલાની તપાસ રાષ્ટ્રપતિના નિર્દેશ ઉપર જ કરવામાં આવી રહી હતી. ચૂંટણી પંચે આમ આદમી પાર્ટીના ૨૧ ધારાસભ્યોને લાભના હોદ્દાના મામલામાં અગાઉ કારણદર્શક નોટિસ જારી કરી હતી. આ મામલામાં પહેલા ૨૧ ધારાસભ્યોની સંખ્યા હતી પરંતુ જર્નેલસિંહ પહેલાથી જ રાજીનામુ આપી ચુક્યા છે. દિલ્હી સરકારે માર્ચ ૨૦૧૫માં આમ આદમી પાર્ટીના ૨૧ ધારાસભ્યોને સંસદીય સચિવ બનાવી દીધા હતા. આને લઈને મુખ્ય વિપક્ષી પાર્ટી ભાજપ અને કોંગ્રેસે પ્રશ્નો ઉઠાવ્યા હતા. આની સામે પ્રશાંત પટેલ નામની વ્યક્તિએ રાષ્ટ્રપતિ પાસે અરજી દાખલ કરીને આક્ષેપ કર્યો હતો કે, આ ૨૧ ધારાસભ્યો લાભના હોદ્દા ઉપર છે જેથી તેમને ગેરલાયક જાહેર કરવા જોઈએ. દિલ્હી સરકારે ત્યારબાદ દિલ્હી વિધાનસભામાં બિલમાં સુધારો કર્યો હતો. આ બિલનો હેતુ સંસદીય સચિવના હોદ્દાને લાભના હોદ્દાથી મુક્તિ અપાવવાનો હતો પરંતુ તત્કાલિન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આ બિલને ફગાવી દીધો હતો.

## ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બીએસએફનો એક જવાન શહીદ થયો હતો. જ્યારે અન્ય એક જવાનને ઈજા થઈ હતી. બુધવારે મોડી રાત્રે પાકિસ્તાને એકાએક ગોળીબાર કરવાની શરૂઆત કરી હતી. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય જવાનોએ જોરદાર જવાબ આપ્યો હતો. થોડાક દિવસ પહેલા ભારતીય સેનાએ પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા ગોળીબાર બાદ જવાબી કાર્યવાહી કરીને પાકિસ્તાનના ચાર જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. હેવાલ મુજબ પાકિસ્તાને અરનિયા સેક્ટરમાં પણ ગોળીબાર કર્યો હતો. આના કારણે કેટલાક ગામોને નુકસાન થયુ છે. પાકિસ્તાન વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરીને જટિલ સ્થિતી સર્જે છે. ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના ઈરાદા સાથે આ કાર્યવાહી કરવામાં આવે છે.